| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૭/૦૨/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૮/૨૦૨૦**

# "શી" ટીમ દ્વારા રોમીયોગીરી કરતા ઇસમની ધરપકડની વિગત

### શાહીબાગ પોલીસ સ્ટેશન :

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન "શી" ટીમ દ્વારા આજરોજ ત.૦૬/૦૨/૨૦૨૦ન કલક ૧૯/૫૫ વાગે એક ઇસમ – વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં બિભત્સ ચેનચાળા કરી રોમીયોગીરી કરતો હોય જેને પકડી નામઠામ પુછતાં તેણે પોતાનું નામ અશોક ઉર્ફે ટીનો નાથસિંહ ઠાકોર ઉ.વ-૨૭ રહે- ભાઇચંદપુરા પોપટલાલની ચાલી,અસારવા શાહીબાગ અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવેલ જે સદરી ઇસમ જાહેર રસ્તા ઉપર મહીલાઓને તથા છોકરીઓને છાજે નહીં તેવું વર્તન કરી રોમીયોગીરી કરતા તેમજ વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં બિભત્સ ચેનચાળા કરતા કાનજીનગર પ્રિતમપુરા સ્કુલ -૩ પાસે જાહેરમાં નિકળતા પકડાઇ ગયેલ હોય જેની વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ.૬૬(૧)બી, ૮૫ તથા જી.પી.એકટ કલમ ૧૧૦,૧૧૭ મુજબ કાર્યવાહી કરેલ છે.



# ચોરી ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારણપુરા પોલીસ સ્ટેશન :

### ગણતરીના કલાકોમાં ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી નારણપુરા પોલીસ

નારણપુરા પોલીસ સ્ટેશન પાર્ટ-એ ૧૧૧૯૧૦૩૪૨૦૦૦૩૧/૨૦ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાના કામના ફરીયાદીશ્રીના શૈલેષભાઇ છગનભાઇ નાકરાણી ઉવ.૪૭ રહે-૩/૨૭ નવનિર્માણનગર પ્રગતિનગર નારણપુરા અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે ગઈકાલ તા.૬/૨/૨૦૨૦ ના રોજ કંટ્રોલરૂમ તરફથી મળેલ મેસેજ આધારે અમો પો.ઇન્સ.જે.આર.પટેલ તથા ઇન્વે પો.સ.ઈ.શ્રી વાય.એન.પટેલ તથા ઇન્વે સ્ટાફના તેમજ પર્સનલ સ્ટાફના મ.સ.ઈ નરસિહભાઇ સોમાભાઇ તથા અ.હે.કો ધર્મેન્દ્રસિહ હરિશચંદ્રસિહ તેમજ અ.હે.કો બાસ્કુજી અનારજી તેમજ અ.પો.કો મહિપાલસિહ દિલીપસિહ એ રીતેના મેસેજવાળી જગ્યાએ જઈ સ્થળ વિઝીટ કરતા ફરીયાદીશ્રીની શાસ્ત્રીનગર શોપીંગ સેન્ટર એમ-૪/૬૭ ઓફિસ નં-૨૨ એમ.લોજીસ્ટીક સર્વિસીસ નામની કુરીયરની ઓફિસ આવેલ છે જે બંધ ઓફિસના શટરના તાળા તોડી અથવા તો ડુપ્લીકેટ ચાવી ખોલી અંદર પ્રવેશ કરી ઓફિસમા રાખેલ રૂપિયા ૨,૮૫,૫૩૧/- સાથેનુ કેસ બોક્ષ કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઈ ગયેલ છે વિગેરે મતલબે જણાવતા તેઓની વિગતવારની ફરીયાદ લખી લઈ ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ કરવામા આવેલ ત્યારબાદ ઓફિસમા કામ કરતા તમામ કર્મચારીઓને પુછપરછ કરી નિવેદનો મેળવતા અને સીસીટીવી ફુટેજ ચેક કરતા તા.૬/૨/૨૦૨૦ ના રાત્ર ક.૨/૦૦ થી ક.૨/૩૦ દરમ્યાન એક હેલમેટ ધારી અજાણ્યો ઇસમ શટર ઉચુ કરી અંદર પ્રવેશ કરી કેસ બોક્ષની ચોરી કરી લઈ જતો જણાયેલ જે ફુટેજ આધારે ત્યા ઓફિસમા નોકરી કરતો ઉદયન સ/ઓ પ્રબોધચંદ્ર હરીકિશનદાસ પારેખ રહે- ૪/૫૦૩ શ્રીફળ એપાર્ટમેન્ટ શુકન ગોલ્ડની સામે વંદે માતરમ રોડ ગોતા અમદાવાદ તથા બી ૧/૪૦૩ શ્રીફળ એપાર્ટમેન્ટ શુકન ગોલ્ડની સામે વંદે માતરમ ગોતા અમદાવાદ વાળાને વિશ્વાસમા લઈ પુછપરછ કરતા સદરહુ ચોરી પોતે કરેલ હોવાની કબુલાત કરતા ચોરી ગયેલ નાણા રૂ.૨,૮૫,૫૩૧/- તથા વણગણેલ અન્ય નાણા રૂ.૮૫,૬૩૦/- મળી કુલ્લે રૂ.૩,૭૧,૧૬૧/- તથા કેસ બોક્ષ સદરીના મકાનમાથી રીકવર કરી ઉપરોક્ત આરોપીને ગણતરીના કલાકોમા ઝડપી પાડી તા.૬/૨/૨૦૨૦ ના ક.૨૧/૩૦ વાગે અટક કરી મિલ્કત સબંધી ગુનો શોધી કાઢેલ છે.

## જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :

## રીક્ષા ચોરીનો ભેદ ઉકેલી આરોપી પકડી પાડતી જી.આઇ.ડી.સી. વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા વ્હિકલ ચોરીના ગુના અટકાવવા તેમજ ભેદ ઉકેલવા સારુ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે' ડીવીઝન રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને

પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ મ.સ.ઇ. ફુલાભાઇ ભુરાભાઇ બ.ન.૮૯૦૨ તથ લોકરક્ષક રવિકુમાર શાહુભાઈ બ.નં-૪૨૬૫ તથા લોકરક્ષક મનીષભાઇ કાનજીભાઇ બ.ન.૧૩૦૦૭ તથા કાનાભાઇ નાજાભાઇ બ.ન.૧૧૫૮૮ નાઓ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન

લોકરક્ષક રવિકુમાર શાહુભાઈ બ.નં-૪૨૬૫ તથા તથા કાનાભાઇ નાજાભાઇ બ.ન.૧૧૫૮૮ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે

જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે. ગુ.ર.નં.પાર્ટ-એ.૧૧૧૯૧૦૧૯૨૦૦૦૬૪/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ ઓટો રીક્ષા નં-GJ-27-Y-4121 ની કબ્જે કરી

*આરોપી રાજુ ઉર્ફે મુકેશ સ/ઓ વનરાજસિંહ જીલુભા દરબાર ઉ.વ.૨૩ રહે.મ.ન.૭ ઐશ્વર્યા પાર્ક જેઠાભાઇ ભરવાડના મકાનમાં પી.એફ. સ્કુલની પાછળ જશોદાનગર અમદાવાદ શહેર* નાને પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.



**<u>ક્રાઇમબ્રાંચ :</u>**

## રસ્તે જતા રાહદારીઓના મોબાઇલ ફોન ઝુંટવી ગુના કરવાવાળા બે આરોપીને ગુનો કરી મેળવેલ મોબાઇલ ફોન સાથે પકડી મોબાઈલ સ્નેચીંગના ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સંબધી ગુનાઓ અને આવતા જતા રાહદારીઓના મોબાઇલ ફોનો ઝુંટવી ભાગી જઇ મોબાઇલ સ્નેચીંગ થવાના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી અજયકુમાર તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને સ્કોડના માણસો તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઈ. વિજયસિંહ ઈશ્વરસિંહ તથા હે.કો. બળવંતભાઈ લઘરભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) આદિલખાન S/O હનીફખાન સાબાસખાન પઠાણ ઉ.વ.૨૧ રહે. ૧૯, નુરનગર, ગોલ્ડન સિનેમા પાછળ, સાંઈબાબા સોસાયટીની બાજુમાં, વટવા, અમદાવાદ શહેર તથા (૨) આકીબખાન S/O અકરમખાન મોહંમદખાન પઠાણ ઉ.વ.૧૯ રહે. ૬, અમીર નુરનગર, ખુર્શીદપાર્ક, વટવા, અમદાવાદ શહેર નાઓને નારોલબ્રીજ નીચેથી પકડી પાડી તેમની પાસેથી એક OPPO મોબાઇલ ફોન કિં.રુ.૧૨૦૦૦/ની મત્તાનો તથા એક સફેદ કલરનું એક્સેસ કિંમત રુપિયા ૨૫૦૦૦/- ની મત્તાનું કબ્જે લેવામાં આવેલ છે.

### વટવા જી.આઈ.ડી.સી. પો.સ્ટે. ના ગુનાનો ભેદ ઉકેલાયો.

પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા આશરે બે માસ અગાઉ તેઓ બંને જણા ઉપરોક્ત એક્સેસ લઈને નીકળેલા અને સાંજના સમયે વટવા જી.આઈ.ડી.સી. ફેઝ-૪ હનુમાનજી મંદિર પાસે આવતાં એક ભાઈ ચાલતા ચાલતા જતા હતા તેઓની નજીકમાં એક્સેસ લઈને ગયેલ અને આ ભાઈના હાથમાંથી મોબાઇલ ફોન ઝુંટવી લીધેલ અને બંને ભાગવા લાગેલ તે વખતે આ ભાઈએ તેઓનો પીછો કરેલ પરંતુ આ આરોપીઓએ તે ભાઈને ધક્કો મારતાં તેઓ પડી ગયેલ અને પડી જતાં એક આઈશર પસાર થતું હોવાથી આ ભાઈનો હાથ આવી જતાં ઈજાઓ થયેલ હોય તેઓને સારવાર માટે દાખલ કરેલ હતા અને આ બંને આરોપીઓ એક્સેસ ઉપર બેસી મોબાઈલની લુંટ કરી નાસી ગયેલ હતા.

## <u>શોધાયેલ ગુન્હો</u>

(૧) વટવા જી.આઈ.ડી.સી. પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૩૯/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩),A(૪)

## <u>પકડાયેલ આરોપીની એમ.ઓ.</u>

પકડાયેલ આરોપીઓને મોજશોખ કરવા માટે પૈસાની જરૂર હોય જેથી પોતાની પાસેની એકસેસ લઇને શહેર વિસ્તારમાં ફરતા અને રસ્તે જતા આવતા કોઇ એકલ દોકલ રાહદારી મોબાઇલ ફોન પર વાતચીત કરતી જણાય તો ચાલુ વાહને તેમની નજીક જઇ તેમનો મોબાફોલ ફોન આંચકી ભાગી જતા હતા.



**અલગ અલગ બ્રાંન્ડની ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની ટોટલ બોટલો નંગ ૮૮/- કિં.રૂ ૬૯,૪૩૫/- તથા સફેદ કલરની ટાટા આર્યા ગાડી તથા ઓટો રીક્ષા તથા મો.ફોન નંગ ૦૨/- મળી તમામની મુદ્દામાલની કુલ્લે કિમંત રૂપિયા-૩,૭૯,૪૩૫/-ની મત્તાના મુદ્દામાલ સાથે બે આરોપીઓને શોધી કાઢતી રાણીપ પોલીસ**

મે.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી.એલ.ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ તેમજ હાલમાં ચાલતી પ્રોહી/જુગારની ડ્રાઇવ અનુસંધાને અસરકારક કાર્યવાહી કરવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેન્લસ સ્કોડના પો.સબ.ઇન્સ જે.એન.સોલંકી તથા પો.કો કાનજીભાઇ કમલેશભાઇ બ.નં ૪૯૬૩ તથા અ.લો.ર યુવરાજસિંહ જોરાવરસિંહ બ.નં ૧૪૩૦ તથા અ.લો.ર અશ્વિનકુમાર વાઘાભાઇ બ.નં ૩૬૭ વુ.લો.ર પારૂલ નરવતસિંહ બ.નં ૧૦૪૯૯ નાઓ તમામ સર્વેલન્સ સ્કોડના માણસોએ 'સાબરમતી રેલ્વે સ્ટેશનથી થોડે આગળ સેંટ્રલ જેલ રોડ ખાતે આવેલ અવાવરુ જગ્યાએ અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.નં ૫૫૫૯તથા અ.લો.ર આનંદ્કુમાર રામજીભાઇ બ.નં ૧૩૧૮ બન્નેને સંયુક્તરીતે ખાનગી બાતમી હકીકત આધારે આરોપીઓ; (૦૧) શંકરલાલ સ/ઓ નરસારામ જાતે.ચૌધરી(મારવાડી) ઉ.વ.૩૫ ધંધો.ડ્રાઇવર રહે.મ.નં એસ/૨૧૬/કે.બી.રોયલ ફ્લેટ,સત્યમ હોસ્પીટલની બાજુમાં,ચાંદખેડા અમદાવાદ શહેર તથા મુળ વતન નોસરા કી ઢાણી,જિ.ઝાલોર,તા.આહોર (રાજસ્થાન) (૦૨) કરણસિંહ સ/ઓ ખુમાનસિંહ જાતે.રાઠોડ(રાજપુત) ઉ.વ.૨૪ ધંધો રી.ડ્રા રહે.મ.નં એન/૪૦૬/હોમ ટાઉન-૦૪, તેજેંન્દ્રનગરની બાજુમાં, ચાંદખેડા અમદાવાદ શહેર મુ.વ.ગામ બસ્સી, તા.સલુંબર જિ.ઉદેપુર નાઓ બન્ને પાસેથી ગે.કા અને વગર પાસપરમીટનો ભારતીય બનાવટની વિદેશી દારૂની શીલબંધ હાલતની બોટલો નંગ-૮૮/-જે તમામની કુલ્લે કિંમત રૂપિયા-૬૯,૪૩૫/-ની મત્તાનો તથા સફેદ કલરની ટાટા આર્યા ગાડી આર.ટી.ઓ.રજીસ્ટેશન નંબર-GJ-01-HW-5289 કિમંત રૂપિયા-૨,૫૦,૦૦૦/-જેટલી ગણી શકાય તે તથા ઓટો રીક્ષા આર.ટી.ઓ.રજીસ્ટેશન નંબર-GJ-01-TA-6557 કિમંત રૂપિયા-૫૦,૦૦૦/-જેટલી ગણી શકાય તે તથા મો.ફોન નંગ ૦૨/-જે બન્ને મો.ફોનની કિં રૂ ૧૦,૦૦૦/-મળી તમામની કિમંત રૂપિયા-૩,૭૯,૪૩૫/-ગણી તપાસ અર્થે કબ્જે કરી બન્ને આરોપીઓને તા.૦૭/૦૨/૨૦૨૦ ના કલાક ૫/૧૦ વાગે પકડી અટક કરી પ્રોહીનો ગણનાપાત્ર કેશ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.





# પાસા હેઠળ અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "જયસિંહ ઉર્ફે મુન્નો ઉર્ફે જયવિરસિંહ ભરતસિંહ રાજપુત, ઉ.વ.૪૩ રહે: મ.નં-બી/૧૦૫, શ્રીમદ એફોર્ડ , દિવ્ય રેસીડન્સીની સામે, બાપા શ્રી રેસીડન્સીની સામે, નિકોલ, અમદાવાદ શહેર મુળવતન-ગામ.કિશનનગર, તા.જી.મથુરા" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા અટકાયતી જયસિંહ ઉર્ફે મુન્નો ઉર્ફે જયવિરસિંહ ભરતસિંહ રાજપુત નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/147/20 તા.05/02/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના એ.એસ.આઇ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા લોકરક્ષક હરદિપસિંહ ભગીરથસિંહ બ.નં-૧૩૩૨ તથા લોકરક્ષક ધીરૂભાઇ જીવણભાઇ બ.નં.૧૧૬૬૨ તથા લોકરક્ષક પરિમલ મોહનભાઇ બ.નં-૧૨૯૬૨ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઓઢવ મનમોહન ચાર રસ્તા પાસેથી લોકરક્ષક પરિમલ મોહનભાઇ નાઓની બાતમી હકિકત આધારે સદરી ઇસમને આજરોજ તા.0૬/0૨/૨0૨0 ના રોજ પકડી લઇ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ભુજ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.0૬/0૨/૨0૨0.

## ગુના નિવારણ શાખા:

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૬.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના રામોલ તથા અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરીયાદીની સાથે બોલાચાલી અને ઝઘડો કરી ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી દંડા વડે માર મારી બન્ને હાથે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપનાર તથા અન્ય કિસ્સામા હોટલના બિલ બાબતે ફરીયાદી સાથે બોલાચાલી અને ઝઘડો કરનાર ઝનુની અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે સરદારસિંહ અમરસિંહ રાજપુત રહેવાસી-મ.ન.૨૧/૨ રાધાકૃષ્ણનગર રાજભારતી સ્કુલની બાજુમા સીટીએમ ખોખરા અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સરદારસિંહ અમરસિંહ રાજપુત રહેવાસી-મ.ન.૨૧/૨ રાધાકૃષ્ણનગર રાજભારતી સ્કુલની બાજુમા સીટીએમ ખોખરા અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા ફરીયાદીના કાયદેસરના વાલીપણા માથી લલચાવી અને ફોસલાવી લગ્ન અથવાતો જારકર્મ કરવાના ઈરાદે સાહેદનુ આપહરણ કરનાર તથા અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી ફરીયાદી સાથે બોલાચાલી અને ઝઘડો કરનાર તથા  ફરીયાદી ને જબરજસ્તી ઈકો ગાડીમા બેસાડી હાથ પગ અને આંખે પાટા બાંધી દઈ માર મારી ફરીયાદી પાસે રહેલ રોક્ડા નાણા તથા મો.ફોન બળજ્બરીથી  કાઢી લઈ ફરીયાદીનાપિતા પાસેથી રુપિયા ૫૦ લાખ ની માંગણી કરનાર અને ઈજા કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે બબલુ ઉર્ફે પાયલોટ ઉર્ફે રોબટ ઉર્ફે કાળુ નરેશભાઈ રાઠોડ રહેવાસી- બ્લોક ન.૨૫૩/૧૫૮૮ ગાયત્રીનાગર ગુજરાત હાઉસિગ બોર્ડ ચાંદખેડા અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | બબલુ ઉર્ફે પાયલોટ ઉર્ફે રોબટ ઉર્ફે કાળુ નરેશભાઈ રાઠોડ રહેવાસી-બ્લોક ન.૨૫૩/૧૫૮૮ ગાયત્રીનગર ગુજરાત હાઉસિગ બોર્ડ ચાંદખેડા અમદાવાદ શહેર |

- આ ઉપરાંત શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમ મળી **<u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને સુરત તથા વડોદરા  જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.